| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |


તા.૧૦/૦૧/૨૦૨૦ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૬૫/૨૦૨૦**

## પાસા અટકાયતની વિગત

### ચાંદખેડા પોલીસ સ્ટેશન :

### પ્રોહિબીશન ગેરકાયદેસર પ્રવૃત્તિ આચરતા ઇસમોને પકડી પાસા અટકાયત હેઠળ મોકલી આપતી ચાંદખેડા પોલીસ

માનનીય પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એલ" ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહીબીશનની પ્રવૃત્તિ સદંતર નેસ્ત નાબુદ કરવા સુચન કરેલ હોય જે આધારે ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારુની હેરાફેરી કરી ગેરકાયદેસર પ્રવૃત્તિ આચરતાં ઇસમો ઉપર વોચ રાખી રેડ કરી આરોપીઓ (૧) જયરામ પુરારામ ચૌધરી(જાટ) ઉં.વ.૨૭, રહેવાસી-ગામ-૩૬, જાણીયો કી બસ્તી જાણીયાવાસ, તા.ચોહટન જી.બાડમેર થાના-ધોરીમન્ના પંચાયત, બાસડાઉ(રાજસ્થાન) તથા નં.(૨) સ્વરુપરામ શ્રવણકુમાર ગવારીયા ઉં.વ.૨૮ રહે.ગામ મકાન નં.૧૧૫, ગોદરો કી ઢાની ચવા તા.જી.બાડમેર થાના-બાડમેર(રાજસ્થાન). નાઓને પકડી પાડી ચાંદખેડા પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં. ૫૦૦૪/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(ઇ), ૧૧૬(બી), ૯૮(૨) મુજબનો ગુનો દાખલ કરી સદરી બન્ને આરોપીઓ વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતાં મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા/૪૩/૨૦૨૦ તા.૦૯/૦૧/૨૦૨૦ થી આરોપી (૧) જયરામ પુરારામ ચૌધરી(જાટ) ઉં.વ.૨૭ નાને વડોદરા જેલ ખાતે તથા હુકમ ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા/૪૪/૨૦૨૦ તા.૦૯/૦૧/૨૦૨૦ થી આરોપી (૨) સ્વરુપરામ શ્રવણકુમાર ગવારીયા ઉં.વ.૨૮ નાને સુરત જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરતાં સદરી બન્ને

ઇસમોને આજરોજ તા.૦૯/૦૧/૨૦૨૦ કલાક ૨૨/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે વડોદરા તથા સુરત જેલ ખાતે મોકલી આપેલ છે.

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) હે.કો. સુરેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૭૦૦૩ (૨) પો.કો. ગુણવંતસિંહ અજીતસિંહ બ.નં. ૬૬૭૮
(૩) પો.કો. પ્રકાશભાઇ કાન્તીભાઇ બ.નં.૧૩૧૬૭

**આરોપી નં.-૧** **આરોપી નં.-૨**





## સાબરમતી પોલીસ સ્ટેશન

## પ્રોહીબીશન સબંધી પાસા અટકાયતીની ધરપકડ કરતી સાબરમતી પોલીસ

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એલ" ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહી/જુગારની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર શ્રી સાબરમતી પો.સ્ટે. નાઓના સુપરવિઝન હેઠળ સાબરમતી પો.સ્ટે. વિસ્તારમાં આવા ગુનાઓ આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે કેતન સ/ઓ સંભુજી ઉમેદજી ઠાકોર ઉ.વ.૨૪ રહે- મ.નં-૨૦૦/૧, ઠાકોર વાસ નવા રામજી મંદીર પાસે ચેનપુર સાબરમતી અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધ ભારતીય બનાવટના વિદેશી દારૂનો કેસ કરવામાં આવેલ હોય અને સદરી આરોપીની આવી પ્રવુતી પ્રોહી કલમ ૧૩ કે જી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમા લેવા ક્રમાંક/પીસીબી/ડીટીએન / પાસા /૩૮/૨૦૨૦ તા.૦૮/૦૧/૨૦૨૦ ના રોજ હુકમ કરતા સદર હુકમ આધારે સદરી આરોપીને તા.૦૯/૦૧/૨૦૨૦ ના રોજ પાસા અટકાયતીના હુકમની બજવણી કરી ડીટેન કરી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:

(૧) LR ભાગ્યપાલસિંહ વિજયસિંહ બ.નં.૧૨૦૪૭ (૨) ASI જયંતીભાઇ દેવજીભાઇ બ.નં.૭૫૩૬

(૩) HC કમરૂદીન હુસેનમીયાં બ.નં.૪૧૦૧ (૪) PC રાજુભાઇ સાગરભાઇ બ.નં.૫૭૯૯

પાસા અટકાયતી :



## ઇસનપુર પોલીસ સ્ટેશન :

# વાયર ચોરીના ગુનામા પકડાયેલ આરોપીની પાસા કરી જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જે”ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર શ્રી કે.બી સાંખલા  ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ અગાઉ વાયર ચોરીના ગુનામા પકડાયેલ આરોપીની પાસાના પ્રપોઝલ તૈયાર કરી પાસાનો હુકમ કરાવી સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસોએ  આરોપીને શોધી કાઢી પકડી પાડી આરોપી રાહુલ સ/ઓ બાબુભાઇ દંતાણી ઉ.વ ૨૦ રહે ઔડાના મકાન ચાર માળીયા ગુજકો માર્શલની પાછળ મોની હોટલની પાછળ નારોલ અમદાવાદ શહેર નાને પાસા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન / પાસા /૨૨/૨૦૨૦ તા.૦૬/૦૧/૨૦૨૦ થી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરવામા આવેલ છે તા.૦૮/૦૧/૨૦૨૦



## <u>ગુના નિવારણ શાખા :</u>

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ <u>તા.૯.૧.૨૦૨૦</u> નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલ્કતસબંધી/શરીર-સબંધી/ પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના રામોલ તથા બાપુનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોને પોલીસ તરીકેની ખોટી ઓળખ આપીને તુ કોલ સેંટર ચલાવે છે તારી ઉપર મોટો કેસ કરી દઈશુ તેમ કહી બળજબરીથી ગાડીમા બેસાડી ધમકાવીને રોક્ડા રુપિયા ૩,૫૦,૦૦૦/ કઢાવી લઈ જાનથી મારી નાખવાની ધમકી આપનાર તથા લોકોને પોતાની ઓટો રિક્ષામા બેસાડી નજર ચુકવી રોક્ડા રુપિયા ૪,૬૨,૬૮૦/ભરેલ આગઢીયાપેઢીના પાર્સલની ચોરી કરનાર અને ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ રાજેશ ઉર્ફે પપ્પુ રમેશભાઈ સિસોદિયા રહેવાસી- મ.ન.૨ ડાયમંડ ફ્લેટ, ધામીના કારખાનાની પાછળ ઠક્કરનગર કૃશ્નનગર અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | રાજેશ ઉર્ફે પપ્પુ રમેશભાઈ સિસોદિયા રહેવાસી- મ.ન.૨ ડાયમંડ ફ્લેટ, ધામીના કારખાનાની પાછળ ઠક્કરનગર કૃશ્નનગર અમદાવાદ |

- રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી લોકોના મો.ફોન તથા રોકડ નાણાની લુંટ કરનાર તથા લોકોની સાથે બોલાચાલી ઝઘડો કરી ચપ્પુ વડે જમણા પગના સાથળ ઉપર તથા ડાબા પગના ઢીંચણની બાજુમા ઘા મારી ઈજા કરનાર અને ગુનાહિત અને ઝનુની માનસ ધરાવનાર ઈસમ રવિ અમરસિંહ ઠાકોર રહેવાસી- મ.ન.૮ તેજા માસ્તરની ચાલી, રબારી કોલોની ગેટ ન.૮ અમરાઈવાડી અમદવાદ શહેર મુળ વતન ગામ- અલકુડિયા તા.ભાભર જિ.બનાસકાંઠા નાઓની વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી રાજકોટ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | રવિ અમરસિંહ ઠાકોર રહેવાસી- મ.ન.૮ તેજા માસ્તરની ચાલી, રબારી કોલોની ગેટ ન.૮ અમરાઈવાડી અમદવાદ શહેર મુળ વતન ગામ- અલકુડિયા તા.ભાભર જિ.બનાસકાંઠા |

- અમદાવાદ શહેરના મણીનગર વિસ્તારમા આવેલ ગુજરાત સ્ટેટ કો.ઓ.બેન્ક માથી કારલોન મેળવવા સારુ બેંક્મા અરજી કરી પોતાના સાગરિતો સાથે ખોટા અને બનાવટી દસ્તાવેજો બનાવી બેંક મેનેજર તથા ફ્રંટ ડેસ્ક ઓફિસર સાથે મેળાપીપણુ કરીને અરસ પરસ એકબીજાના જામીનદાર તરીકે રજુ કરી ગે.કા.રીતે રુ.૪,૫૫,૮૪૦૦૦/ તથા રુપિયા ૨,૮૧,૦૦૦/ની લોનો મેળવી પોતાના

ખાતામા જ્મા કરાવડાવી પોતાના અંત વપરાશમા ઉપયોગ કરી બેંક્ની સાથે છેતરપિંડી કરનાર તથા પોતાના સાગરિતો સાથે મળી પુર્વયોજિત કાવતરૂ રચી સરકારી જમીન હોવાનુ જાણવા છતા તે જમીનમા ગે.કા. બાંધકામ કરી આ મકાન કાયદેસરના છે તેમ જણાવી લોકોના રુપિયા ૨૮,૨૫,૦૦૦/મેળવી ખોટા અને બનાવટી ડોકયુમેંટ બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરનાર તથા વિશ્વાસઘાત છેતરપિંડી કરનાર અને ગુનાહિત માનસ ધરાવનાર મુકરમ અબ્બાસ ઈસલામ શેખ રહેવાસી- મ.ન.૭૭૫ હુસૈનાબાદ સોસાયટી ગલી ન.૩ તસ્લીમ સોસાયટીની સામે વટવા અમદાવાદ મુળ વતન મ.ન.૪૨૧,સલાઉદ્દીન અયુબી સ્કુલની પાસે,શાંતિનગર,, ભીવંડી જિ.થાણા મુંબઈ મહારાષ્ટ્ર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | મુકરમ અબ્બાસ ઈસલામ શેખ રહેવાસી- મ.ન.૭૭૫ હુસૈનાબાદ સોસાયટી ગલી ન.૩ તસ્લીમ સોસાયટીની સામે વટવા અમદાવાદ મુળ વતન મ.ન.૪૨૧,સલાઉદ્દીન અયુબી સ્કુલની પાસે,શાંતિનગર,, ભીવંડી જિ.થાણા મુંબઈ મહારાષ્ટ્ર |

- અમદાવાદ શહેરના શહેરકોટડા તથા શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોને પોતાની ઓટો રિક્ષામા પેસેન્જર તરીકે બેસાડી તેમના મો.ફોન તથા રોકડા નાણાની લુટ કરનાર તેમજ પોતાના સાગરિતો સાથે મળી લોકોની સાથે બોલાચાલી ઝઘડો કરી બિભ્ત્સગાળો બોલનાર તેમજ છરી વડે ડાબા પગના સાથળ ઉપર ઈજા કરનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે રાહુલ દિનેશભાઈ પટણી (બડાયાવાળા) રહેવાસી- મ.ન.૩૦ મણીલાલ મુખીની ચાલી જુની ખોડીદાસની ચાલીની સામે અસારવા શાહીબાગ અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | રાહુલ દિનેશભાઈ પટણી (બડાયાવાળા) રહેવાસી- મ.ન.૩૦ મણીલાલ મુખીની ચાલી જુની ખોડીદાસની ચાલીની સામે અસારવા શાહીબાગ અમદાવાદ |

- 
- આ ઉપરાંત પ્રોહીબીશનની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય **૨** ઇસમો મળી **<u>કુલ્લે ૬ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી</u>** તેઓને સુરત, વડોદરા જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

# વાહનચોરી તથા ઘરફોડ કરતા આરોપીની અટકાયત

**ક્રાઇમ બ્રાંચ :**

## વાહનચોરી તથા ઘરફોડ ચોરીમાં પકડાયેલ વસીમ @ બકરીને ચોરી કરી મેળવેલ ઓટોરિક્ષા સાથે પકડી ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી શહેર ક્રાઈમબ્રાન્ચ.

અમદાવાદ શહેરમાં બનતા વાહનચોરીના ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂ અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટીયા તથા ક્રાઇમબ્રાંચના ખાસ પોલીસ કમિશ્નર શ્રી અજય કુમાર તોમર સાહેબ નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે ક્રાઇમ બ્રાંચના નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન અને ક્રાઇમબ્રાન્ચના મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી.ગોહિલ નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ.શ્રી આર.એસ.સુવેરા તથા સ્કોડના પો.સ.ઇ. શ્રી વાય.જી.ગુર્જર તથા સ્કોડના માણસો આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા દરમ્યાન સ્કોડના હેડ કોન્સ.નારસિંહ મલુસિંહ તથા હેડ કોન્સ.મહેન્દ્રસિંહ ગુલાબસિંહ નાઓને મળેલ બાતમી હકીકત આધારે પાલડી એન.આઇ.ડી. ત્રણ રસ્તા પાસેથી આરોપી વસીમ @ બકરી સ/ઓ મહમંદભાઇ અહેમદશહીદ શેખ ઉ.વ.૩૨ રહે.સાબાશની ચાલી બાવા લવલવી દરગાહની પાસે સ્મશાનની બાજુમાં જમાલપુર અમદાવાદ શહેર નાને એક ઓટોરીક્ષા નંબર GJ-1-BX-659 કિં.રૂ. ૨૫૦૦૦/- ની મત્તાની સાથે પકડી પાડવામાં આવેલ છે અને આ ઓટોરિક્ષાની ચોરી અંગે સાબરમતી રીવરફ્રન્ટ વેસ્ટ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૦૧/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય આરોપીને એલીસબ્રીજ પો.સ્ટે સોંપવા તજવીજ કરેલ છે.

**પકડાયેલ આરોપીની એમ.ઓ**

આ કામે પકડાયેલ આરોપી પોતે અલગ અલગ પ્રકારના વાહનો ફેરવવાનો શોખ ધરાવતો હોય પાર્ક કરેલ ઓટોરિક્ષા ડુપ્લીકેટ ચાવી વડે લોક ખોલી ચોરી કરતો હોવાનુ જણાવેલ છે.

**પકડાયેલ આરોપીનો ગુનાહીત પુર્વ ઈતીહાસ**

પકડાયેલ આરોપી સને ૨૦૦૮ માં દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરીના એક ગુનામાં તથા ૨૦૦૯ માં દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં વાહન ચોરીના એક ગુનામાં તથા શાહપુર પો.સ્ટે માં વાહન ચોરીના એક ગુનામાં તેમજ સને ૨૦૧૨ માં દાણીલીમડા પો.સ્ટે ખાતે વાહનચોરીના એક ગુનામાં અને એલીસબ્રીજ પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરી અને વાહનચોરીના એક એક ગુનામાં અને સને ૨૦૧૮ માં સાબરમતી રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસ સ્ટેશનમાં લુંટના એક ગુન્હામાં પકડાયેલ છે તેમજ એક વાર પાસા હેઠળ બરોડા જેલમાં જઈ આવેલ છે.



# પેસેન્જરોને બેસાડી લુંટના કરતા આરોપીની અટકાયત

## રામોલ પોલીસ સ્ટેશન :

## રીક્ષામાં પેસેન્જરોને બેસાડી લુંટ કરતા ઇસમોને કિ.રૂ. ૧,૩૪,૦૨૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડતી રામોલ પોલીસ

મહેરબાન પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "આઇ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચનાથી પો.સ્ટેશન વિસ્તારમાં બનતા રીક્ષામા પેસેન્જરોની નજર ચુકવી ચોરી કરતા તથા લુંટ ના ગુનાઓ બનતા અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ વધુમાં વધુ પેટ્રોલીગ કરવા સારૂ સુચના કરવામાં આવેલ જે આધારે અમોએ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓને વધુમાં વધુ પેટ્રોલીંગ કરી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ સુચના કરવામાં આવેલ જે સુચના આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓ સ્ટાફના માણસોની સાથે પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન તા.૦૮/૦૧/૨૦૨૦ ના કલાક ૧૮/૩૦ વાગે સીટીએમ ચાર રસ્તા ખાતે આવતા એ.એસ.આઇ રણજીતસિંહ મફતસિંહ નાઓની ટીમના પો.કો જયરાજસિંહ વિક્રમસિંહ તથા પો.કો લાલજીભાઇ જહાભાઇ નાઓએ પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓને સંયુકત બાતમી હકીકત આપેલ એક ઓટોરીક્ષા નંબર જી.જે.૨૭ ટી.એ. ૩૨૯૩ માં કેટલાંક ઇસમો ચોરી અગર તો છળકપટથી મેળવેલ મોબાઇલ ફોન રાખી વેચવા માટે અત્રે થઇને નિકળનાર છે જે બાતમી હકીકત આધારે

**આરોપીઓ :-** (૧) બબલુખાન ઇદખાન મનસુરી ઉવ.૨૫ રહે. મનં.બી/૧૫૪ અજીતપાર્ક રચાન બેકરી સામે વટવા અમદાવાદ શહેર મુળવતન. ગામ કરકોલી તા.બહા જી.અગ્રા ઉત્તરપ્રદેશ
(૨) મોહમંદ તનવીર અબ્દુલમજીદ કુરેશી ઉવ.૧૯ રહે. મનં.૧૫/૧૭ અજીતમીલ ચાર મળીયા મચ્છી માર્કેટ પાસે રખીયાલ અમદાવાદ શહેર


નાઓની પાસેથી એક વિવો કંપનીનો મો.ફોન કિ.રૂ. ૧૦,૦૦૦/- તથા ઓટોરીક્ષા કિ.રૂ. ૧,૨૦,૦૦૦/- તથા રોકડા રુપિયા ૪૦૦૦/- તથા એક છરી કિ.રુ.૨૦/- તથા આધારકાર્ડ કિ.રૂ.૦૦/૦૦ મળી કુલ્લે ૧,૩૪,૦૨૦/- સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબજે કરી આરોપીઓને તા.૦૮/૦૧/૨૦૨૦ ના કલાક ૧૯/૫૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)(ડી) મુજબ પકડી અટક કરવામાં આવેલ અને આધારકાર્ડમાં જણાવેલ ઇસમ બાબતે તપાસ કરતા ફરીયાદીશ્રી લવકુશ ગયાદીન બડૈ ઉવ.૨૫ રહે. મનં.૮૨ રાજીવનગર આશીષ સિનેમા પાછળ હરીઓમ પાર્ક સામે અમદાવાદ શહેરનાઓ મળી આવેલ જેઓને પુછતા જણાવેલ કે આરોપીઓએ તેઓના કબ્જાની રીક્ષામાં પેસેંજર તરીકે બેસાડી વસ્ત્રારીલાયન્સ પેટ્રોલ પંપની આગળ માર્બલની દુકાન સામે જાહેરમાં

૦૮/૦૧/૨૦૨૦ ના કલાક ૦૩/૦૦ વાગ્યાના અરસામાં છરી બતાવી મોબાઇલ ફોન તથા રોકડા રુપિયા ૫૦૦/- ની લુંટ કરેલ છે તેમ જણાવેલ હોય જે બાબતે રામોલ પો.સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૧૦૨૦૦૦૩૫/૨૦૨૦ એ ધી ઇપીકો કલમ ૩૯૪, ૧૧૪ તથા જીપીએક્ટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે અને આરોપીઓની વધુ તપાસ પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓએ હાથ ધરેલ છે.

આરોપીઓએ વિવેકાનગર વિસ્તારમાંથી પણ લુંટ કરેલાની હકીકત જણાવે છે.

સદર ગુનામા એક કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરની સંડોવણી જણાઇ આવેલ છે.



# બી.આર.ટી.એસ બસમા નજર ચુકવી પર્સની ચોરી કરી આરોપીની વિગત

**ઇસનપુર પોલીસ સ્ટેશન :**

## બી.આર.ટી.એસ બસમા નજર ચુકવી પર્સની ચોરી કરી પર્સમાથી મળેલ એ.ટી.એમ કાર્ડથી એચ.ડી.એફ.સી બેન્કના એ.ટી.એમ માથી પૈસા ઉપાડી લેતા આરોપીઓને પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી અવાર-નવાર મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સુચના આપેલ હોય જે સુચના આધારે સેકન્ડ પોલીસ ઇન્સપેક્ટર શ્રી કે.બી.સાંખલા ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓની સુચના અને માર્ગદર્શન મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડાનાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા ૦૯/૦૧/૨૦૨૦ ના કલાક ૨૧/૦૦ વાગે ઇસનપુર રોડ ચંડોળા પાળ જાહેર સૌચાલય પાસે આવતા સાથેના અ.હે.કો મો.અશરફ ઇસ્માઇલભાઇ તથા લોકરક્ષક અનિરૂધ્ધસિહ જાલુભા તથા લોકરક્ષક ભરતભાઇ લક્ષ્મણભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમીથી આરોપી અજયભાઇ મનુભાઇ દંતાણી ઉ.વ ૨૫ રહે,ચંડોળા તળાવ નીલગીરીના છાપરા ઇસનપુર અમદાવાદ શહેરનાને પકડી પાડી રોકડા રૂપિયા ૨૫,૦૦૦/-રીકવર કરી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નંબર પાર્ટ-એ ૧૧૧૯૧૦૨૨૨૦૦૦૩૨ મુજબનો ગુનો શોધી કાઢેલ અને તપાસ દરમ્યાનમા સહ આરોપી પ્રણવ ઉર્ફે તીરી સ/ઓ દિનેશભાઇ મનજીભાઇ પટેલ ઉ.વ ૨૬ રહે મ.ન ૯૭/૧૧૫૩ ધીરજ હાઉસીગ સોસાયટી રાજા ભગત સ્કુલ સામે ખોખરા અમદાવાદ શહેર ગામ-ચીતલ જી.અમરેલીનાને તા ૧૦/૦૧/૨૦૨૦ ના કલાક ૧૪/૦૦ વાગે અટક કરી તેની પાસેથી રોકડા રૂપિયા ૪૦,૦૦૦/-રીકવર કરવામા આવેલ આમ બન્ને આરોપીઓની પાસેથી થઇ કુલ રોકડા રૂપિયા ૬૫,૦૦૦/- ગુનાના કામે રીકવર કરી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નંબર પાર્ટ-એ ૧૧૧૯૧૦૨૨૨૦૦૦૩૨ મુજબનો ગુનો શોધી કાઢેલ છે તા ૧૦/૦૧/૨૦૨૦



# <u>નાસતા ફરતા આરોપીની ધરપકડ કરતી આરોપીની વિગત</u>

## <u>વટવા પોલીસ સ્ટેશન :</u>

## <u>છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા આરોપીની ધરપકડ કરતી વટવા પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા અધિક પો.કમિ.શ્રી સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૬ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી 'જે' ડીવીઝન અમદાવાદના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના સિનીયર પો.ઈન્સ. એચ.વી.સીસારા નાઓએ નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા સ્ટાફના અધિકારી/કર્મચારીઓને સુચનાઓ આપતા વટવા પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં. ૨૪૮/૨૦૧૬ ઈપીકો કલમ- ૧૪૩. ૧૪૭. ૧૪૯. ૩૨૩. ૨૯૪(ખ). તથા એટ્રોસીટી એક્ટની કલમ- ૩(૧)(આર)(એસ). ૩(૨)(૫)(અ) તથા જી.પી. એક્ટ કલમ- ૧૩૫(૧) મુજબના કામના છેલ્લા ત્રણેક વર્ષથી નાસતા ફરતા આરોપી દીપુ સ/ઓ કલ્યાણસિંહ રાજપુત ઉવ.૨૮ રહે- ૦૬, ગજાનંદ પાર્ક સોસાયટી વિંઝોલ રોડ વટવા અમદાવાદ શહેર નાને પો.સબ.ઈન્સ. જે.કે.રાઠોડ તથા એ.એસ.આઈ. જે.કે.ગોહિલ તથા અપોકો અલ્તાફભાઈ અલાઉદ્દીન બ.નં.૪૧૮૭ તથા અપોકો દિલીપસિંહ બળવંતસિંહ નાઓએ તા.૦૯/૦૧/૨૦૨૦ ના રોજ આરોપીને પકડી મ.પો.કમિ. શ્રી જે-ડીવીઝન સા. નાઓ ઉપરોક્ત ગુનાની તપાસ કરતા હોય આગળની કાર્યવાહી થવા સારુ આરોપીને સોંપેલ છે.



# “SHE TEAM” ની કામગીરીની વિગત

## સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન

## ચાણક્યપુરી ખાતે આવેલ જ્યોતી પ્રાથમિક શાળાની મુલાકાત લઈ નાની દિકરીઓને ગુડ ટચ બેડ ટચની સમજ સોલા કરતી સી-ટીમ

- શ્રી આશિષ ભાટીયા સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી પી.એલ.માલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ “જાહેરમાં થતી છેડતી તથા જાહેરમાં સ્ત્રીઓ અસલામતી અનુભવતી હોય” જેવા કૃત્યો અટકાવવા કરેલ હુકમ આધારે સીનીયર પોલીસ ઈન્સ્પેકટર જે.પી.જાડેજા નાઓના સુપરવીઝન હેઠળ બનાવેલ “સી” ટીમ દ્વારા જ્યોતી પ્રાથમિક શાળાની મુલાકાત લઈ નાની દિકરીઓને ગુડ ટચ, બેડ ટચની સમજ કરી સારી અને પ્રસંસનીય કામ કરતી સી-ટીમ સોલા હાઇકોર્ટ પોલીસ.
- આ કામગીરીમા સુપરવીઝન જે.પી.જાડેજા પોલીસ ઈન્સ્પેકટર, તથા વુ પ્રો.એ.એસ.આઈ. કાજલબેન ગોરધનભાઈ તથા સી-ટીમના સભ્યો સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના જોડાયેલા હતા.

